**Yugprabhav (Vadodara) (RGL Interview) 29 September 2021 Pg.02**

# શ્રી સુમિત શાહ, ફાઉન્ડર અને વાઇસ ચેરમેન, રેનેસંસ ગ્લોબલ લિમિટેડ સાથે પ્રશ્નોત્તરી

વડોદરા, તા.૨૯

રેનેસંસ ગ્લોબલ લિમિટેડના ફાઉન્ડર અને વાઇસ ચેરમેન શ્રી સુમિત શાહ સાથે વાર્તાલાપ. બેન્ટલી કોલેજ - બોસ્ટનમાંથી ફાઇનાન્સ ગ્રેજ્યુએટ સમિત શાહના નેતૃત્વમાં રેનેસંસ બ્રાન્ડ ભારતના જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રમાં અગ્રણી બની છે. આજે રેનેસંસ તેના બ્રાન્ડેડ જ્વેલરી વ્યવસાયના આક્રમક વિસ્તરણ દ્વારા લાંબા ગાળાની વૃદ્ધિની યાત્રા પર છે. નાણાકીય વર્ષ ૨૨ના પ્રથમ ત્રિમાસિકમાં કંપનીના પ્રદર્શનને કઇ બાબતે પ્રેરિત કરી છે? રેનેસંસ ગ્લોબલેનાણાકીય વર્ષ ૨૨ના પ્રથમ ત્રિમાસિક માટે રૂ. ૪૦૯.૫ કરોડનું વેચાણ નોંધવતા ૧૨૧% વર્ષ દર વર્ષની ટોચની વૃદ્ધિ નોંધાવી છે, જે નાણાકીય વર્ષ ૨૧ના પ્રથમ ત્રિમાસિકમાં ૧૮૫.૬ કરોડ હતું.આ બિઝનેસ ગ્રોથનું મુખ્ય આકર્ષણ અત્યંત નફાકારક બીરસી અને ડીરસી બ્રાન્ડેડ બિઝનેસનું વધેલુ યોગદાન હતુ,જે ભવિષ્યની વૃદ્ધિ માટે પ્રેરકબળ બનવાની અપેક્ષા છે. ઉચ્ચ અનુભૂતિએ કંપનીને રૂપિયા ૧૩૬.% કરોડના ૪૫૦% EBITDA ગ્રોથ માટે સક્ષમ બનાવી. કંપનીએ બ્રાન્ડેડ જ્વેલરી વેચાણમાંથી ૧૫%નું સંયુક્ત EBITDA માર્જિન મેળવ્યું હતું,જે અંતર્ગત બીરબી વેચાણથી EBITDA ૧૪% અને ડીરસી વેચાણથી ૧૮.૧%નું EBITDA માર્જિન પ્રાપ્ત કર્યું હતું. આરજીએલએ નાણાકીય વર્ષ ૨૧ના પ્રથમ ત્રિમાસિક માટે પાછલા વર્ષના સમાન ગાળા દરમિયાન રૂ. ૧૭.૮ના નુક્શાનની સરખામણીમાં રૂ. ૨૩.૮ કરોડનો ચોખ્ખો નફો નોધાવ્યો હતો. કુલ આવકમાં બ્રાન્ડેડ જ્વેલરીનું યોગદાન કેટલું છે? કંપનીના બ્રાન્ડેડ જ્વેલરી બિઝનેસે નાણાકીય વર્ષ ૨૨ના પ્રથમ ત્રિમાસિકમાં કુલ સ્ટડેડ જ્વેલરી આવકમાં ૨૪% ફાળો આપ્યો હતો. બ્રાન્ડેડ જ્વેલરી કંપની માટે ફોકસ એરિયા બની રહેશે અને કંપનીએ ૩ નવી બ્રાન્ડ્સ લોન્ચ કરી છે, જ્યારે બીજી તરફ કંપની પાસે યુએસ બેઝ્ડ કેટલીક બ્રાન્ડ્સ માટે વિશિષ્ટ લાઇસન્સ પણ છે.